**ક્રિ.કેસ.નંબરઃ– ૯૧૨૭૭/૧૯**

**<u>ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ મુજબ આંક–૦૧ નીચે હુકમ</u>**

(૧) આ કામે રોજકામ વંચાણે લેતા આરોપીને અનેક વખત સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ છે. તેમજ હાલના કેસમાં અનેક તક આપવા છતાં પોલીસ આરોપીને હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ છે. હાલનો કેસ તે સમન્સ ટ્રાયેબલ પોલીસ કેસ છે. પ્રોસીડીગ જોતા હાલનો કેસ ઘણા લાંબા સમયથી મૃતપ્રાય અવસ્થામાં રહેલ છે.

(૨) આજરોજ મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ/ ચેરમેન લીગલ સવીસ કમીટી મેટ્રો. મેજી. અમદાવાદના નોટીફીકેશન નં. ૪/૨૦૨૧ તા. ૫/૭/૨૧ અન્વયે સ્પે. મેજીસ્ટ્રેયલ સીટીગ રાખવામા આવેલ છે. અને તેમા યોગ્ય કેસોમા સ્ટોપ પ્રોસીડીગ કલમ–૨૫૮ અન્વયે કાયવાહી કરવા પણ જણાવવામા આવેલ છે. આ અંગે જુદા જુદા પત્રો અન્વયે કેસો ફેસલ કરવા માટેની જે માગદર્શિકાઓ આપવામાં આવેલ છે તે લક્ષમાં લેતા તથા ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના નોટીફીકેશન નં. ૬/૨૧ તા. ૨૨/૧૧/૨૧ ધ્યાને લેતા તથા ચેરમેન લીગલ સવીસ કમીટી મેટ્રો. મેજી. કોટ અમદાવાદના સદરહુ નોટીફીકેશન મા જણાવેલ બાબતો ધ્યાને લેતા સ્પે. મેજીસ્ટ્રેયલ સીટીગ મા નીચે મુજબ કેસોના નીકાલ અંગે જણાવવામા આવેલ છે.

For dispose of petty matters cases under IPC, B.P. Act, or G,.P. Act, Gambling Act, Prohibition Act (OLD cases)4 Traffic N.C. Chalan4 Stop proceeding under section 258 or 256 of Cr.P.C. withdrawal cases under section 321 of Cr. P.C. Dormant cases other specified cases etc.

(૩) હાથ ઉપરના કેસમાં ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ મુજબ હુકમ કરી શકાય કે કેમ? તે અંગે **સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ, ૧૯૯૭ (૩) જી.એલ.આર. ૧૯૪૬ તથા પી. આર. રાવ વિ. સ્ટેટ ઓફ કર્નાટકા, ૨૦૦૨ (૨) જી.એલ.આર. ૧૫૪૯ તથા વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓનો અભ્યાસ કરતા** તેમાંથી એવું તારણ નીકળેલ છે કે,

> Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situations, where the presence of any accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution which is necessary for the trial of the case. Therefore, Where the Magistrate does not find it possible to disposed of the matter by adopting normal

procedure contemplated by the Code for one reason or other as herein above stated, in such a situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Section 258 of the Code can be restored to where the special or unusual circumstances exist, such as non-appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way.

(૪) હાથ ઉપરના કેસમાં પણ આરોપીને શોધવા પોલીસને વ્યાજબી તકો આપવા છતાં પોલીસ આરોપીને હાજર રખાવી શકેલ નથી કે વોરંટ બજાવી શકતી નથી જેથી ટ્રાયલ ચલાવવી લગભગ અશકય બની ગયેલ છે અને નજીકના ભવિષ્યમાં પણ પોલીસ આરોપીને શોધીને રજુ કરી શકે તેવી શકયતા અગાઉનું પ્રોસીડીગ જોતા જણાતું નથી. વધુમાં ક્રિ.પ્રો.કોડનો પર્યાય જોતા, ભવિષ્યમાં આરોપીને ફરીયાદપક્ષ અગર પોલીસ રજુ કરે તો કે આરોપી સામેથી હાજર થાય તો હાલની કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૦૦(૫) મુજબ નવેસરથી શરૂ કરવાના ફરીયાદ પક્ષના હકકને આ હુકમથી કોઈ બાધ રહેશે નહિ તથા તેવા કિસ્સામાં આ કોર્ટે ઉપરોકત કલમ મુજબ કાર્યવાહી કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે. ઉપરોકત પરિસ્થીતીઓ, પરીબળો, કારણો તથા સંજોગો ઘ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **: : હુકમ : :**

ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૮ મુજબ આરોપી સામેની કાર્યવાહી બંધ કરવામાં આવે છે તથા આ કામે આરોપીને બિન તોહમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં ભવિષ્યમાં આરોપીને ફરીયાદપક્ષ અગર પોલીસ રજુ કરે તો કે આરોપી સામેથી હાજર થાય તો હાલની કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૦૦(૫) મુજબ નવેસરથી શરૂ કરવાના ફરીયાદ પક્ષના હકકને આ હુકમથી કોઈ બાધ રહેશે નહિ.

હુકમ આજ રોજ સ્પે. મેજીસ્ટ્રેયલ સીટીગમા જાહેર કર્યો.

સ્થળઃ– અમદાવાદ.
તા. ૧૧–૧૨–૨૦૨૧

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૬, અમદાવાદ.